1. GPRS સિસ્ટમ વિશે ટૂંકમાં માહિતી આપો.

- જનરલ પૉકેટ રેડિયો સર્વિસીસ એ મોબાઇલની માહિતીના જથ્થાને અનુલક્ષીને 2G અને 3G સેલ્યુલર કમ્યુનિકેશન (2G and 3G Cellular Communication System) આધારિત વૈશ્વિક પદ્ધતિ છે. આ પ્રણાલીને ટૂંકમાં GPRS તરીકે ઓળખવામાં આવે છે. GPRS એ એક પૉકેટ આધારિત વાયરલેસ સંચાર સેવા છે, જે 56થી 114 Kbpsની ઝડપથી મોબાઇલ ફોન અને કયૂટર વપરાશકર્તાઓને ઇન્ટરનેટ સાથે સતત જોડાણ કરવા માહિતી આપે છે.

2. GIS નો ટૂંકમાં પરિચય આપો.

- GIS  જિઓગ્રાફિક ઇન્ફર્મેશન સિસ્ટમ  એ કયૂટરની એવી પ્રણાલી છે કે, જેની મદદથી વિવિધ સ્રોત દ્વારા પ્રાપ્ત ભૌગોલિક માહિતીનો સંગ્રહ કરી તેમાં જરૂર મુજબની પ્રક્રિયા કરી પ્રસ્તુતીકરણ કરવામાં આવે છે. GIS આવી માહિતીને નકશા પર પ્રદર્શિત કરે છે. GISનો પ્રથમ ઉપયોગ 1968માં રોઝર ટોમલિનસન દ્વારા કરવામાં આવ્યો હતો. GISમાં વિવિધ સ્તરની ક્ષેત્રીય માહિતીનાં અવલોકનોને સંગ્રહવામાં આવે છે.

3. કલ્સી (Cale) પ્રોગ્રામ એટલે શું?

- કેલ્સી (Calc) એ એડશીટ પ્રોગ્રામ છે. જેના વડે વિવિધ પ્રકારના આલેખોનું નિમણિ કરી શકાય છે. આલેખ એ વિશાળ માહિતીને આકર્ષક રીતે રજૂ કરવાની આગવી પદ્ધતિ છે. આલેખને આંકડાકીય માહિતી ચિત્રાત્મકરૂપે રજૂ કરવાની રીત પણ કહેવામાં આવે છે. આ પ્રોગ્રામ દ્વારા જુદા જુદા પ્રકારના આલેખ ચોકસાઈપૂર્વક તૈયાર કરી શકાય છે.